

જ્ઞાની–ધ્યાની મહામંગલકારી મળ્યા માત મુજ પ્યારા,
સેવક પર કરુણા વરસાવી ઉતારો ભવદધિ પ્યારા;

—કૃપા–અમૃત વરસાવો રે,
શાશ્વતા શરણે રાખો રે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડયા પછી વચ્ચે કયાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં કયાં સુધી રહે? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે. ૪૯૮.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૭૪ )

* જેમ વાનર એક કાંકરો પડે ત્યાં રડવા લાગી જાય તેમ આ પણ એક અંગ છીજે ત્યાં ઘણો રડે. 'એ મારા અને હું એનો' એ પ્રમાણે જૂઠ જ એવા જડોની સેવાથી સુખ માન્યે, પોતાની શિવનગરીનું રાજ્ય ભૂલ્યો, જો શ્રીગુરુના કહેવાથી શિવપુરીને સંભાળે તો ત્યાંનો પોતે ચેતનરાજા અવિનાશી રાજ્ય કરે, ત્યાં ચેતના વસ્તિ છે, ત્રણલોકમાં આણ ફરે, ભવમાં ન ફરે, ફરી જડમાં ન આવે. આનંદઘનને પામી સદાય શાશ્વતસુખનો ભોકતા થાય એમ કરો. ૪૯૯.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૩ )

* અહીં સંસારમાં રાજા પણ દૈવવશ થઈને રંક જેવો બની જાય છે તથા પુષ્ટ શરીરવાળો મનુષ્ય પણ કર્મોદયથી ક્ષણવારમાં જ મૃત્યુ પામી જાય છે. એવી અવસ્થામાં કયો બુદ્ધિમાન પુરુષ કમળપત્ર ઉપર રહેલાં જળબિંદુ સમાન વિનાશ પામનાર ધન, શરીર અને જીવન આદિ વિષયમાં અભિમાન કરે? અર્થાત્ ક્ષણમાં ક્ષીણ થનાર આ પદાર્થોના વિષયમાં વિવેકીજન કદી પણ અભિમાન કરતાં નથી. ૫૦૦.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૭૩ )

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૪
અંક-૯
[ ૬૫૩ ]




વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
MAR.
A. D. 1998

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ☼ છૂટા તત્ત્વની ભાવના છૂટવાનું કારણ છે ☼

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૮૦ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે; તેમાં ૭મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જો મોક્ષ ઉત્તમ સુખને આપતો ન હોય તો સિદ્ધો શા માટે તેનું નિરંતર સેવન કરે !

દ્રવ્યસ્વરૂપે તો પરમાત્મા પૂર્ણ છે પણ પર્યાયમાં પણ પરમાત્માને પૂર્ણ આનંદ છે એ વાત અહીં સિદ્ધ કરે છે.

उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ
तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिं सोइ ॥ ७ ॥

અર્થ:—જો મોક્ષ ઉત્તમ સુખને ન આપે તો મોક્ષ ઉત્તમ ન હોય. જો તે ઉત્તમ ન હોય તો પછી હે જીવ ! સિદ્ધો પણ સદાકાળ મોક્ષને શા માટે સેવે ?

મોક્ષ સદાય ઉત્તમ સુખનો દાતા છે. સંસારદશામાં તો દુઃખ જ છે પણ મોક્ષમાર્ગમાં જે સુખ છે તે પણ અધૂરું છે. મોક્ષમાં તો સર્વોત્કૃષ્ટ પૂર્ણ સુખ છે અને સદાકાળ તે સુખ પ્રાપ્ત થયા કરે છે. જો મોક્ષમાં નિજ આત્માના વેદનથી પ્રગટ થયેલું અનંત સુખ ન હોય તો સિદ્ધભગવાન તે મોક્ષને સદાકાળ શા માટે સેવે ! ન સેવે પણ જ્યારથી પરમાનંદ પ્રગટ થયો છે ત્યારથી સિદ્ધભગવાન નિરંતર

અનંત આનંદને પ્રાપ્ત કરે છે—મોક્ષ અખંડ સુખ આપે છે માટે ભગવાન તેને નિરંતર સેવે છે.

ચિદાનંદ આત્મામાં આનંદરસ તો પરિપૂર્ણ છે પણ દર્શન, જ્ઞાન, ચારિત્રની ઘોલનદશામાં—મોક્ષમાર્ગમાં જે આનંદ અનુભવાય છે તે અપૂર્ણ છે તેના કરતાં મોક્ષમાં પૂર્ણ ચિદ્રસની પ્રાપ્તિ છે કેમકે ત્યાં આખો ચિદરસ ઘોળાય ગયો છે તેથી પૂર્ણઆનંદ અને પૂર્ણશાંતિનું વેદન છે.

મોક્ષ અખંડ સુખ આપે છે. દ્રવ્યમાં તો અખંડ સુખ પડ્યું જ છે પણ તેની પ્રાપ્તિ મોક્ષમાં પૂર્ણપણે થાય છે. અખંડ આનંદશક્તિના ઘોલનની ઉપાદાનશક્તિથી જ અનંત આનંદની પ્રાપ્તિ થાય છે. તેને ભગવાન નિરંતર સેવે છે.

ભાવાર્થ:—જો મોક્ષ અતીન્દ્રિય પરમ આહ્લાદરૂપ અવિનાશી સુખને ન આપે તો તે કેવી રીતે ઉત્તમ હોય! મોક્ષ ઉત્તમ છે કારણ કે ત્યાં પરમ આહ્લાદરૂપ અતીન્દ્રિય અવિનાશી સુખ પ્રાપ્ત થાય છે. આત્મામાં પરમ આહ્લાદ છે તે પોતાના ઉપાદાનથી જ દર્શન, જ્ઞાન, ચારિત્રના ઘોલનથી પર્યાયમાં આનંદ પ્રગટ થાય છે અને સિદ્ધદશામાં પણ પોતાના ઉપાદાનથી જ દર્શન, જ્ઞાન, ચારિત્રના ઘોલનથી પૂર્ણ આનંદદશા પ્રગટ થાય છે.

મોક્ષનો પરમ આનંદભાવ મન અને ઇન્દ્રિયથી રહિત છે. માટે, સિદ્ધો સદાકાળ તેને પોતાના ઉપાદાનથી સેવે છે. નીચલીદશામાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન દ્વારા આનંદના ઘોલનથી પ્રગટેલો આનંદ મન અને ઇન્દ્રિયથી રહિત છે અને તેને મન અને ઇન્દ્રિયથી સેવી શકતો નથી, રાગથી પણ તેનું સેવન થઈ શકતું નથી. તે આનંદને મોક્ષમાર્ગમાં જેમ મન અને ઇન્દ્રિય તથા રાગ અને નિમિત્તથી સેવતો નથી પોતાના ઉપાદાનથી જ સેવે છે તેમ, તે સેવનથી પ્રગટેલી પૂર્ણ આનંદની પર્યાયને સિદ્ધો મન અને ઇન્દ્રિયના નિમિત્ત વિના, રાગ વિના પોતાના ઉપાદાનથી જ પૂર્ણપણે સેવે છે.

મોક્ષમાર્ગમાં અને મોક્ષમાં પ્રગટતું સુખ સ્વાધીન છે, સ્વદ્રવ્યથી સ્વતંત્રપણે પ્રગટેલું છે તેથી તેમાં મન અને ઇન્દ્રિયનું અવલંબન નથી. દ્રવ્ય તો કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી સહિત બિરાજમાન છે જ પણ અહીં તો દ્રવ્યમાં એકાગ્રતાના ઘોલન દ્વારા પર્યાયમાં કેવળજ્ઞાનાદિ ગુણથી સહિત થયા એવા સિદ્ધો શું કરે છે તે બતાવવું છે.

સિદ્ધો નિરંતર પોતાની શાંતદશામાં નિવાસ કરે છે. રાગના અભાવપૂર્વક થયેલી પૂર્ણ શાંતદશા તે 'નિર્વાણ' છે તેમાં સિદ્ધો નિવાસ કરે છે.

સિદ્ધના સુખનું સ્વરૂપ શ્રી પૂજ્યપાદકૃત સિદ્ધભક્તિમાં પણ આ પ્રમાણે કહ્યું છે કે આત્માના ઉપાદાનથી પ્રગટેલું, (પોતાના આત્મામાં જ ઉત્પન્ન થયેલ), સ્વયં અતિશયવાળું, બાધારહિત, વિશાલ, વૃદ્ધિહાનિ રહિત, વિષયોથી રહિત, નિર્દ્વન્દ (દ્વન્દભાવથી રહિત), અન્ય દ્રવ્યની અપેક્ષા વગરનું, નિરુપમ, અમિત, શાશ્વત, સદાકાલ, ઉત્કૃષ્ટ અને અનંત સારવાળું એવું પરમસુખ હવે સિદ્ધભગવાનને ઉત્પન્ન થયું.

આમાં ઘણાં સિદ્ધાંત સિદ્ધ કરી દીધા છે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેના ઉપાદાનથી અંતરમાં આનંદ પ્રગટ થાય છે. અંશે આનંદ પ્રગટે, વિશેષ પ્રગટે કે પૂર્ણ આનંદ પ્રગટે તે બધો આનંદ પોતાના ઉપાદાનથી, પોતામાં, પોતાના કારણથી, પોતાના દ્રવ્યમાંથી જ પ્રગટે છે. તેમાં વચ્ચે જે વ્યવહાર આવે છે, વિકલ્પ અને નિમિત્તો વચ્ચે આવે છે તેનાથી આનંદ પ્રગટ થતો નથી. પહેલેથી છેલ્લે સુધી પોતાની દરેક નિર્મળ દશાઓનું ઉપાદાનકારણ પોતે જ છે. બહારથી-નિમિત્તમાંથી નિર્મળતા કે આનંદ આવતો નથી.

ધર્મની શરૂઆત વ્યવહારથી થતી નથી, નિશ્ચયથી થાય છે અને પૂર્ણતા પણ નિશ્ચયસ્વભાવથી થાય છે. શરૂઆત પણ ઉપાદાનથી અને અંતે પૂર્ણતા પણ ઉપાદાનથી જ થાય છે. નિમિત્તથી શરૂઆત પણ નથી અને પૂર્ણતા પણ નથી.

સિદ્ધાંતમાં એ પણ આવ્યું કે જેવું ભગવાન જુએ છે એવું જ જ્ઞાની પોતાની જ્ઞાનપર્યાયમાં જુએ છે. ભગવાન જાણે આ સમયે આ જીવની સાધકદશા આ પ્રકારની હશે તેમ તે જ વખતે જ્ઞાની પણ પોતાની જ્ઞાનદશાને એવી જ જાણે છે. ભગવાન તેના (સાધકના) દ્રવ્યને જ્ઞાનસ્વભાવી જાણે છે તેમ સાધક પણ પોતાના દ્રવ્યને જ્ઞાનસ્વરૂપે જાણે છે અને પર્યાયને સંવર-નિર્જરા તત્ત્વરૂપે જાણે છે. તેની પર્યાયમાં રાગ પણ છે અને કર્મનો સંયોગ પણ છે તેને જેમ ભગવાન જાણે છે તેમ જ જ્ઞાની પણ જેટલો રાગ છે અને જેટલો કર્મનો સંયોગ છે તેને જાણે છે.

આમાં નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર, નિયત આ પાંચેય સમાઈ ગયાં.

જેની શ્રદ્ધા ખોટી છે, રાગથી ધર્મ માને છે, નિમિત્તથી રાગની ઉત્પત્તિ માને છે એવી જેને મિથ્યાશ્રદ્ધા છે તેને જ્ઞાયકસ્વભાવની પ્રતીત નથી, શ્રદ્ધામાં મિથ્યાત્વની દશા છે તેને ભગવાન પણ એમ જ જાણે કે આની શ્રદ્ધામાં મિથ્યાત્વ છે, દ્રવ્યમાં જ્ઞાયકપણું છે પણ પર્યાયમાં કર્મનું નિમિત્તપણું છે...જ્ઞાની પણ એમ જ જાણે છે કે આ જીવની દ્રવ્ય-પર્યાયની સ્થિતિ આવી છે પણ અજ્ઞાની પોતે એ પ્રમાણે જાણતો નથી.

સિદ્ધભગવાનને જ્ઞાન અને આનંદ પોતાના ઉપાદાનથી પ્રગટ્યા છે એવી અસ્તિ સમજાણી તેને જ્ઞાન અને આનંદ પરથી, નિમિત્તથી કે રાગથી નથી એવી નાસ્તિ સમજાય છે. મનુષ્યશરીરથી, મજબૂત સંહનનથી કે શુભરાગથી ભગવાનને પરમાનંદ ઉત્પન થયો નથી. અધૂરીદશામાં વચ્ચે વ્યવહારનો વિકલ્પ હોય છે પણ તે વ્યવહારથી કે રાગથી આનંદની ઉત્પત્તિ થતી નથી. વ્યવહાર, જ્ઞાનમાં નિમિત્ત તરીકે છે પણ આનંદની ઉત્પત્તિમાં સાધનરૂપે નથી. એ જ રીતે સિદ્ધભગવાનને આનંદ ઉત્પન્ન થયો તેમાં પરની બિલકુલ સહાય નથી અને ધર્મીને ધર્મ પ્રગટ થયો તેમાં પણ પરની બિલકુલ સહાય નથી.

સિદ્ધોનું સુખ સ્વયં અતિશયરૂપ છે અને સર્વ બાધાઓથી રહિત છે, તેમાં કોઈ વિઘ્ન નથી. સિદ્ધોનું સુખ-આનંદ વિશાળ છે. જ્ઞાનાનંદ, શ્રદ્ધાનંદ, દર્શનઆનંદ, વીર્યાનંદ, અસ્તિત્વઆનંદ એમ અનંતગુણનો વિશાળ આનંદ છે.

સિદ્ધોના સુખમાં વૃદ્ધિ-હાની નથી. સિદ્ધને સુખ પૂર્ણ પ્રગટ થઈ ગયું છે હવે તેમાં વધ-ઘટ થાય જ નહિ. મોક્ષમાર્ગમાં અપૂર્ણદશા છે તેથી આનંદ આદિ ગુણોની અંશે અંશે વૃદ્ધિ થતી જાય છે પણ સિદ્ધોને તો પૂર્ણાનંદ છે તેમાં હાની-વૃદ્ધિ કાંઈ નથી. અનંત આનંદ અનંતકાળ રહે છે. માટે તેમાં કાંઈ પુષ્ટિ થતી હશે—એમ નથી. એક સમયમાં જે પૂર્ણાનંદ પ્રગટ્યો એટલો જ આનંદ સાદિ અનંતકાળ રહે છે.

સિદ્ધોનું સુખ વિષય-વિકારથી રહિત છે, પર તરફ લક્ષ જ નથી. અંતરના લક્ષે પ્રગટેલો પૂર્ણ આનંદ છે તેમાં વિષય-વિકારનો વિકલ્પ જ નથી એવો આનંદ છે. દુનિયા વિષય-વિકારમાં આનંદ માને છે પણ તે તો દુઃખ છે. વળી સિદ્ધોનું સુખ ભેદ-ભાવ રહિત—નિર્દ્વંદ છે તેમાં બે ભાગ નથી—બે પ્રકાર નથી. એક જ પ્રકારનું સ્વાભાવિકસુખ છે તેમાં કોઈ પરવસ્તુની અપેક્ષા નથી.

પ્રશ્ન થાય કે ભગવાનના માર્ગમાં 'નિરપેક્ષ' ન હોય ને! બધું સાપેક્ષ જ હોય. તો, સિદ્ધોના સુખને કેમ નિરપેક્ષ કહ્યું ? સિદ્ધના સુખને બિલકુલ પરની અપેક્ષા નથી એવું સ્વતંત્ર નિરપેક્ષ સુખ છે. તેને જો પરની અપેક્ષા હોય તો તો સિદ્ધ પરતંત્ર ઠરે અને પરતંત્રતામાં તો દુઃખ છે. સિદ્ધભગવાનને અનંત ગુણની કોઈ પણ પર્યાય થવામાં પરની અપેક્ષા નથી. ગતિની પર્યાયમાં પણ ધર્માસ્તિકાયનું આગળ નિમિત્ત નથી માટે ગતિ ન થઈ—એમ નથી. બધી પર્યાય પરથી નિરપેક્ષ છે અને સ્વદ્રવ્યથી સાપેક્ષ છે.

મોક્ષમાર્ગમાં પણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રાદિ પર્યાય પરથી તદ્દન નિરપેક્ષપણે

પ્રગટ થાય છે. તેને દ્રવ્યની અપેક્ષા છે પણ પરની બિલકુલ અપેક્ષા નથી. વિકાર થાય છે તેને પણ ખરેખર પરની અપેક્ષા નથી. વિકાર પણ સ્વતંત્ર પરિણમતી પર્યાય છે તેમ જ મોક્ષમાર્ગ પણ સ્વતંત્ર પર્યાય છે અને સિદ્ધદશા પણ સ્વતંત્રપણે જ પ્રગટ થાય છે તેમાં કોઈ પરદ્રવ્યની બિલકુલ અપેક્ષા નથી.

વસ્તુની સ્થિતિને પરદ્રવ્યની અપેક્ષા નથી. મોક્ષમાર્ગની પર્યાયને પરની અપેક્ષા નથી અને પૂર્ણ પર્યાયને પણ પરની અપેક્ષા નથી. પરમાનંદમૂર્તિ દ્રવ્ય પરદ્રવ્યની અપેક્ષા વિનાનો નિરપેક્ષ છે તેમ તેની સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર અને આનંદની પર્યાય પણ વ્યવહારની અપેક્ષા વિનાની—નિરપેક્ષ છે.

અંતર્મુખ થયેલી દશા બહિર્મુખ દૃષ્ટિ રાખતી નથી. જેમ. દ્રવ્ય પરની અપેક્ષા રાખતું નથી તેમ દ્રવ્યના આશ્રયે પ્રગટેલી ધર્મની અને આનંદની પર્યાય રાગ, નિમિત્ત કે વ્યવહારની અપેક્ષા રાખતી નથી. તેને તો પોતાના દ્રવ્યની અપેક્ષા છે, બીજાની અપેક્ષા નથી.

સિદ્ધનું સુખ અનુપમ છે કેમ કે. તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. સિદ્ધના સુખને તેની પોતાની ઉપમા આપી શકાય. બાકી જગતમાં કોઈ એવું સુખ નથી કે તેની ઉપમા લાગુ પડે. આત્મદ્રવ્યને પણ કોઈની ઉપમા આપી શકાતી નથી તેમ તેની મોક્ષમાર્ગને પણ કોઈની ઉપમા લાગુ પડતી નથી. સિદ્ધરસ તત્ત્વના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિરૂપ ધર્મને કોની ઉપમા આપવી! તત્ત્વ અનુપમ છે, તેનો માર્ગ અનુપમ છે અને તેનું ફળ પણ અનુપમ છે.

સિદ્ધ કોના જેવા!—કે સિદ્ધ જેવા સિદ્ધ છે તેને બીજાની ઉપમા લાગુ પડતી નથી. સમવસરણમાં તીર્થંકરને કેટલું સુખ છે! એવું સુખ સિદ્ધને હશે! લોકો કહે છે કે, તમે પુણ્યને વિષ્ટા કહો છો પણ તીર્થંકર ભગવાન પણ પુણ્યના ફળને ભોગવે છે...અરે ભગવાન આ તું શું કહે છે! જડને તો અજ્ઞાની પણ ભોગવતો નથી તો તીર્થંકર જડવૈભવને ભોગવતાં હશે? અરે! તીર્થંકરના જ્ઞાનમાં એ સમવસરણાદિ વૈભવ માત્ર જ્ઞેય છે તેને ભગવાન ભોગવતાં નથી. કેવળીના સુખને ઈન્દ્રો દ્વારા ચામર ઢોળાય છે તેની કે કોઈ પણ અતિશયોની અપેક્ષા નથી. હીરાના સિંહાસન કે મણિ-રતનના ગઢની ભગવાનને ક્યાં અપેક્ષા છે! ભગવાનનું સુખ તો ભગવાનના દ્રવ્યની અપેક્ષા રાખીને પ્રગટ્યું છે તેને વર્તમાન કોઈ નિમિત્તોની અપેક્ષા નથી.

અહીં તો કહે છે કે સિદ્ધની આવી દશા છે તેની સાથે તારા આત્માને મેળવ!! તારાં આત્મામાં પણ એવી જ તાકાત છે માટે તારે તો સિદ્ધના જેવા સુખની

જ અભિલાષા કરવાયોગ્ય છે. વચ્ચે રાગાદિ આવે તેની ભાવના કરવા લાયક નથી. સિદ્ધનું સુખ ખરેખર જેના જ્ઞાનમાં આવે તેને આત્માના આનંદનો પ્રેમ જાગે —રુચિ થાય. રાગની રુચિ છૂટી જાય અને ત્યારે જ તેણે મોક્ષને જાણ્યો અને મોક્ષની ભાવના કરી—એમ કહેવાય.

ભગવાનનો આનંદ અપાર...અપાર છે તેને. પાર નથી. પાર નથી. પ્રભુ! તારા એક આનંદ ગુણની અવસ્થાને આટલાં તો વિશેષણો છે.

જેનું કોઈ પ્રમાણ નથી એવું સિદ્ધોનું સુખ સદાકાળ શાશ્વત છે. સિદ્ધ પરમાત્માને અનંતસુખ પ્રગટ્યું તે પ્રગટ્યું...સદાકાળ એમ જ રહેશે. સિદ્ધનું સુખ મહા ઉત્કૃષ્ટ છે. મોક્ષમાર્ગીનું સુખ, બારમા ગુણસ્થાનવાળાનું સુખ તેનાથી પણ મહા ઉત્કૃષ્ટ સુખ સિદ્ધોને છે તેનાથી વધારે ઉત્કૃષ્ટ કોઈને નથી. કેવળીને પણ ભાવમોક્ષ છે—મહાસુખ છે.

સિદ્ધોનું સુખ અનંત સારવાળું છે. અનંત આનંદનો સ્વચ્છ સાર તેમાં ભરેલો છે. અહો આ સિદ્ધભક્તિ! ભગવાન પૂર્ણાનંદની પર્યાય અનંત કસ યુક્ત છે, અસારપણું તેમાં જરાય નથી. અનંત આનંદનો અનંત કસ તેમાં છે. અનંત સાર... અનંત સાર છે.

આગળ હમી ગાથામાં શિષ્ય દ્વારા પ્રશ્ન મુકાવશે કે પ્રભુ! આપ અતીન્દ્રિય-સુખની આવી વાત કરો છો પણ અમને એ શી રીતે બેસે! આચાર્યદેવ કોઈ ખુલાસા બાકી રાખે તેમ નથી. દૃષ્ટાંત આપીને આ સુખ સમજાવશે કે જેમ એક સાધારણ માણસને પણ કોઈ વિષય-ભોગની ઇચ્છા–નિવૃત્તને પણ અવ્યાકુળતા થાય છે તો અંતરથી જેને બિલકુલ વિકલ્પ વિનાની નિવૃત્તિ છે તેની નિરાકુળતાનું શું કહેવું! વર્તમાન થોડીવાર પૂરતો જેને પાંચ ઇન્દ્રિયનો વેપાર કે વેપાર-ધંધાનો બોજો નથી તેને પણ સુખી કહેવાય છે તો જેને એક વિકલ્પમાત્રનો વેપાર નથી તેને અતીન્દ્રિય આનંદ અને સુખ કેમ ન હોય! જેમાંથી અતીન્દ્રિય આનંદ વહ્યાં જ કરે વહ્યાં જ કરે તે સાગરનું શું કહેવું! તેમાં અનંત સાર છે.

આ સિદ્ધભગવાનના ગાણા એટલે તારી પૂર્ણપર્યાયના ગાણા છે. વસ્તુ તો ત્રિકાળ સિદ્ધસ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' તેમાં એકાગ્ર થઈને જે મોક્ષમાર્ગ અને તેનું ફળ પ્રગટ કરવું તેની સારતાનો શું પાર છે! અપાર છે. અનંતસાર છે. એવું સુખ અન્ય કોઈને પ્રાપ્ત થતું નથી.

અહીં તાત્પર્ય એ છે કે હંમેશા મોક્ષનું સુખ જ અભિલાષા કરવા યોગ્ય છે. સંસાર પર્યાય તો બધી હેય છે.

ભગવાન આત્મા જ્યારે પૂર્ણાનંદ કેવળજ્ઞાનની ભાવના ભાવે ત્યારે તેની ભાવનાનું રૂપ દ્રવ્ય ઉપર જાય છે. દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થાય તેને રાગાદિ હેય વર્તે છે. એકમાત્ર છૂટવાની ભાવના છે તેને પુણ્ય, વ્યવહાર, સંયોગાદિ સર્વ હેય વર્તે છે. તો જ તેને મોક્ષની સાચી અભિલાષા થઈ ગણાય છે.

હંમેશા મોક્ષની અભિલાષા કરવાયોગ્ય કહી તેમાં હંમેશાનો અર્થ નિરંતર કર્યો છે. निरन्तरमभिलषणीय એટલે કે સિદ્ધના સુખના આટલા વખાણ કર્યા તેને પ્રગટ કરવા માટે તારે હંમેશા—નિરંતર તત્પર રહેવું. તત્પર રહેવું એટલે શું કરવું? કે વસ્તુસ્વભાવ તરફ નિરંતર દૃષ્ટિ અને એકાગ્રતા રાખવી—નિરંતર નિશ્ચય તરફ દૃષ્ટિ રાખવી.

સિદ્ધભગવાનની પર્યાયનું આ જે વર્ણન કર્યું એવી દશાની પ્રાપ્તિ કરવી હોય તો નિરંતર તેની ભાવના કરવી એ તાત્પર્ય છે. તેનો અર્થ જ એ થયો કે કાયમ વસ્તુસ્વરૂપમાં દૃષ્ટિ રાખવી. વ્યવહાર કે વિકલ્પમાં એક ક્ષણ પણ દૃષ્ટિ ન જાય તો તેને મોક્ષની અભિલાષા થઈ કહેવાય.

સંસારપર્યાય સર્વ હેય છે એટલે કે ઉદયભાવ આદિ બધું હેય છે. પૂર્ણ ક્ષાયિકપર્યાય પ્રગટ કરવાની ભાવનાની અપેક્ષાએ ક્ષયોપશમની પર્યાય વર્તમાનમાં છે તે પણ હેય છે. જેમાં પૂર્ણ આનંદ પડ્યો છે એવો વસ્તુસ્વભાવ એક જ દૃષ્ટિમાં ઉપાદેય છે. તેને મોક્ષની ખરી અભિલાષા છે.

ગાથા ૭ અને સાથે સિદ્ધભક્તિનો આ શ્લોક હતો. હવે ૮મી ગાથામાં કહે છે કે બધાં મહાન પુરુષોએ મોક્ષ જ ધ્યાવવાયોગ્ય છે.

हरि-हर-बंभु वि जिणवर वि मुणि-वर-विंद वि भव्व ।
परम-णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व ॥८॥

અર્થ:—નારાયણ અથવા ઇન્દ્ર રુદ્ર આદિ અન્ય જ્ઞાની પુરુષ શ્રી તીર્થંકર પરમદેવ મુનિશ્વરોના સમૂહ તથા અન્ય પણ ભવ્યજીવ પરમ નિરંજનમાં મન રાખીને બધાં મોક્ષને જ ધ્યાવે છે. મન જે વિષય-કષાયમાં જાય છે તેને પાછું વાળીને પોતાના સ્વરૂપમાં સ્થિર અર્થાત્ નિર્વાણનું સાધન બનાવે છે.

નારાયણ એટલે વાસુદેવ તથા ઇન્દ્ર અને રુદ્ર એટલે શંકર આદિ જ્ઞાની પુરુષો. શ્રી તીર્થંકરદેવ પરમદેવ મુનીશ્વરોના વૃંદો—અહો લાખો મુનિઓ અને અન્ય જે ભવ્યજીવો...ઋદ્ધિવાળા ભવ્યજીવો અને ઋદ્ધિ વિના સાધારણ ભવ્યજીવો—એ બધાં એક મોક્ષને જ ધ્યાવે છે. કેવી રીતે!—પરમ નિરંજન એવા નિજ આત્મામાં મનને

સ્થાપીને—રાગના અને કર્મના અંજનથી રહિત એવા આત્મામાં મન લગાવીને બધાં મોક્ષને ધ્યાવે છે. ઇન્દ્ર, નરેન્દ્ર નારાયણ કે રુદ્ર આદિ બધાં ભવ્યજીવોની દૃષ્ટિ કાયમ દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોય છે. દૃષ્ટિને વ્યવહાર ઉપર રાખીને મોક્ષને સાધે છે એમ ન કહ્યું; દૃષ્ટિ દ્રવ્ય ઉપર સ્થિર હોય તેવા જીવો જ મોક્ષને ધ્યાવે છે.

મોક્ષની અભિલાષા કરવાનું કહ્યું હતું તે કેવી રીતે થાય?—તેનો આ અર્થ આપ્યો કે મુક્તસ્વરૂપ મહા મહિમાવંત નિજ પ્રભુમાં દૃષ્ટિને કાયમ રાખવી તેનું નામ મોક્ષની અભિલાષા છે. ઇન્દ્રને ૩૨ લાખ વિમાનની મધ્યમાં, ચક્રવર્તીને ૯૬,૦૦૦ રાણીની મધ્યમાં રહ્યાં છતાં દૃષ્ટિ નિજદ્રવ્ય ઉપર રહેતી હશે?—હા. જેને મોક્ષની અભિલાષા છે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપરથી ખસતી નથી. ઇન્દ્ર, ચક્રવર્તી આદિ ચોથા ગુણસ્થાનમાં હોય અને મુનિઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં હોય તે બધાં ભવ્યજીવોની દૃષ્ટિ એક નિરંજન નિજ પરમાત્મામાં લાગેલી છે માટે તે બધાંને મોક્ષની અભિલાષા છે એમ કહેવાય છે.

મોક્ષના અભિલાષીએ નિરંજન પરમાત્માને દૃષ્ટિમાં ધાર્યો હોય છે. તેની દૃષ્ટિ મંદકષાય કે નિમિત્ત ઉપર હોતી નથી. તેનું જ્ઞાન હોય પણ દૃષ્ટિ ત્યાં ન હોય. દરેક ભવ્યજીવોની સ્થિરતામાં ફેર હોય, કોઈને વિશેષ સ્થિરતા હોય અને કોઈને ઓછી સ્થિરતા હોય પણ દૃષ્ટિનો તો એક જ પ્રકાર હોય—પરમાત્મસ્વરૂપમાં જ ભવ્યોની દૃષ્ટિ લાગેલી હોય.

છૂટવાના અભિલાષી જીવોએ દૃષ્ટિને છૂટેલા તત્ત્વમાં સ્થાપવી જોઈએ.

મુનિઓએ પંચમહાવ્રતમાં દૃષ્ટિ સ્થાપવી અને શ્રાવકોએ અણુવ્રતમાં દૃષ્ટિ સ્થાપવી—એમ કહ્યું નથી. દરેકે દૃષ્ટિ તો એક દ્રવ્યસ્વભાવ ઉપર જ સ્થાપવી. દૃષ્ટિ માટે એક જ સિદ્ધાંત છે કે તેને પરમ નિરંજનમાં સ્થિર કરવી. મોક્ષને ધ્યાવવા માટે આ એક જ ઉપાય છે. ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા આદિ બધાં ગુણસ્થાનવાળા ભવ્યજીવો મોક્ષની અભિલાષા એક જ જાતની કરે છે. ચારિત્ર થાય પછી જ મોક્ષની અભિલાષા કરી શકે—એવું નથી.

છૂટવાના અભિલાષી દરેક ભવ્યજીવોની દૃષ્ટિ અને અભિલાષા છૂટેલા—મુક્ત એવા દ્રવ્યસ્વભાવ ઉપર જ હોય છે. છૂટા તત્ત્વ ઉપર જેની એકાગ્રતા—ભાવના છે તે બધાં મોક્ષના અભિલાષી છે એમ કહેવાય છે. આવા મોક્ષાભિલાષી જીવો વિષય-કષાયમાં જતાં મનને પાછું વાળીને પોતાના સ્વરૂપમાં સ્થિર કરે છે અને નિર્વાણને સાધે છે.

[ ક્રમશઃ ]

# જ્ઞાનીનું નિવાસસ્થાન : સ્યાદ્વાદ–મહેલ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૮ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય–પાપ એકત્વ અધિકાર છે, તેમાં ૧૫મુ પદ્ય છે.

समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख,
एसे जीव विकल मिथ्यातकी गहलमें ।
ग्यान पच्छ गहैं कहैं आतमा अबंध सदा,
वरतैं सुछंद तेउ बूडे हैं चहलमें ॥
जथा जोग करम करैं पैं ममता न धरैं,
रहैं सावधान ग्यान ध्यानकी टहलमें ।
तेइ भवसागरके ऊपर ह्वै तरैं जीव,
जिन्हकौ निवास स्यादवादके महलमें ॥१५॥

અર્થ:— જે જ્ઞાનમાં સમજતા નથી અને કર્મથી જ મોક્ષ માને છે એવા ક્રિયાવાદી જીવ મિથ્યાત્વના ઝપાટાથી બેચેન રહે છે. અને સાંખ્યવાદી જે ફક્ત જ્ઞાનનો પક્ષ પકડીને આત્માને સદા અબંધ કહે છે તથા સ્વચ્છંદપણે વર્તે છે તેઓ પણ સંસારના કીચડમાં ફસે છે, પણ જે સ્યાદ્વાદમંદિરના નિવાસી છે તેઓ પોતાના પદ અનુસાર ક્રિયા કરે છે અને જ્ઞાન–ધ્યાનની સેવામાં સાવધાન રહે છે તેઓ જ સંસારસાગરથી તરે છે.

समुझैं न ग्यान कहैं करम कियेसौं मोख — આત્માના સ્વભાવને તો જે જાણતો નથી અને કર્મ એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયાથી અમારો મોક્ષ થશે એમ માને છે તે જીવ મિથ્યાત્વની ગહલમાં છે એટલે કે પાગલ છે—મિથ્યાત્વના ઝપાટાથી બેચેન છે. દયા–દાનાદિના ભાવ શુભ છે અને હિંસા, જૂઠાદિ ભાવ અશુભ છે પણ તે બંનેની જાત આત્મસ્વભાવથી વિરૂદ્ધ હોવાથી એક જ છે. બેમાંથી એકેયમાં ધર્મ નથી. બંને ભાવકર્મ છે, આત્મધર્મ નથી. પણ જેને આત્માના ધર્મની ખબર નથી તે ખુશી–ખુશી થઈને શુભભાવની ક્રિયા કરતાં હોય છે.

મિથ્યાત્વના જોરમાં પુણ્યની ક્રિયામાં ધર્મ માની બેઠેલા ક્રિયાકાંડીઓની આ વાત કરી. હવે શુષ્કજ્ઞાનીની વાત કરે છે.

ग्यान पच्छ गहै कहै आतमा अबंध सदा...આત્મા તો સદાય અબંધ છે તેમાં વળી અશુદ્ધતા કેવી! એમ કરીને સ્વચ્છંદ સેવે છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનમાં આત્માનો અનુભવ કરવો જોઈએ તે તો કરતો નથી અને એકલું જ્ઞાન (જાણપણું) એકઠું કરીને પોતાને અબંધ અને શુદ્ધ માને છે. અમે તો સિદ્ધ સમાન શુદ્ધ છીએ, જે કાંઈ રાગની લાગણીઓ થાય છે તે પુદ્‌ગલ છે એમ માનીને સ્વછંદને સેવે છે.

શ્રોતા:—શાસ્ત્રમાં એવું કહ્યું છે કે રાગ તો પુદ્‌ગલના પરિણામ છે, જ્ઞાનીને બંધ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી:—એ કોને માટે કહ્યું છે!—જેને આત્માનો ખજાનો ખૂલી ગયો છે, દૃષ્ટિ આત્મા ઉપર પડી છે, દયા-દાનાદિ વિકલ્પની લાગણીથી એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે અને સ્વભાવ સાથે એકત્વ થઈ ગયું છે. સ્વભાવસન્મુખમાં ચોલન ચાલે છે તેને પછી જે વિકલ્પ આવે તે પુદ્‌ગલના છે અને પોતે તો જ્ઞાતા-દૃષ્ટા છે એમ કહેવાય. જેને આત્માનું ભાન તો નથી, સ્વભાવસન્મુખ દૃષ્ટિ નથી, સ્વભાવ-સન્મુખનો પ્રયત્ન નથી અને સ્વભાવસન્મુખ આચરણ નથી, એકલું પાપાચરણ કરે છે અને અમારે બંધ નથી એમ કરીને સ્વચ્છંદ સેવે છે તે ભવસમુદ્રમાં ડૂબે છે. કેમ કે તેણે જ્ઞાનના પક્ષને ગ્રહણ કર્યો છે, જ્ઞાનમયવસ્તુને તો ગ્રહણ કરી નથી. હું અનંત જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું, રાગ-દ્વેષાદિ મારા ભાવ નથી એમ અનુભવ કરે, તેમાં સાવધાન રહે, પ્રયત્ન કરે તે કાંઈ સ્વચ્છંદી નથી પણ જે પોતાને સિદ્ધ સમાન શુદ્ધ માનતો થકો સ્વચ્છંદપણે વિષયવાસના અને ભોગોને સેવે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રીમદ્ કહે છે ને, 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ!' આ જ વાત અહીં કરી છે કે ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની બંનેના પ્રકાર અલગ અલગ છે પણ બંને મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના ભાન વિના ભક્તિ કરો, વ્રત કરો, તપ કરો કે યાત્રા કરો એમ કરીને શુભભાવને સેવે છે અને સાથે અશુભભાવને પણ સેવે છે. કાંઈ દરકાર નથી તે સ્વચ્છંદી જ છે.

જે જે વૃત્તિ ઉઠે છે તેમાં પ્રેમ છે, ભોગની વાસના છે, અને કહે છે કે આત્મા અબંધ છે માટે અમને કાંઈ દોષ નથી તે જીવો ચોરાશીના અવતારમાં રખડી જશે...મરી જશે...

જ્ઞાનપક્ષને ગ્રહણ કરે છે, જ્ઞાનનો અનુભવ કરતો નથી તે શુભભાવ કરતો હોય તો પણ સ્વચ્છંદી જ છે. પોતાને ઠીક પડે તેમ વર્તે છે, વસ્તુસ્વરૂપને અનુભવતો

નથી તે અશુભભાવ કરતો હોય કે શુભભાવ કરતો હોય—સ્વચ્છંદી જ છે. વસ્તુનો અનુભવ તો ન થયો હોય પણ તેના તરફનો પ્રયત્ન અને પુરુષાર્થ પણ કરતો નથી અને માત્ર આત્મા અબંધ છે અને શુદ્ધ છે એમ કરે છે તે સ્વચ્છંદી-મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે માટે અમને ભોગ ભોગવવામાં કાંઈ વાંધો નથી એમ કરીશ તો મરી જઈશ. જેને આત્માનો આનંદ આવ્યો છે અને કોઈ વિકલ્પોમાં સ્વામીપણું નથી, અધિકપણું આનંદમાં વર્તે છે તેના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો છે. કારણ કે તેને રાગ આવ્યો છે પણ તે રાગને સેવતો નથી.

આત્મા અબંધ છે એ વાત સાચી છે પણ કોને?—કે જે એવી દૃષ્ટિ અને અનુભવ કરે તેને આત્મા અબંધ છે. દૃષ્ટિ અને અનુભવ વિના માત્ર વાત કરે કે આત્મા અબંધ છે, સિદ્ધ સમાન નિર્લેપ છે...તેને સમકિતી કહ્યો નથી.

શ્રોતા:—તેનો આત્મા અબંધ નહિ હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી:—આત્મા તો દરેકનો અબંધ છે. અભવિનો આત્મા પણ અબંધ છે. મુક્તસ્વરૂપ જ છે. વસ્તુ તરીકે દરેક આત્મા અબંધ મુક્તસ્વરૂપ જ છે, પર્યાયમાં કર્મના નિમિત્તનો સંબંધ છે. દ્રવ્ય, ગુણ સાથે નિમિત્તનો કાંઈ સંબંધ નથી.

શ્રોતા:—તો પછી શુષ્કજ્ઞાનીએ ભૂલ શું કરી?

પૂજ્ય ગુરુદેવશ્રી:—એણે ભૂલ એ કરી કે અબંધસ્વભાવની દૃષ્ટિ તો કરી નહિ. રાગ ઉપર દૃષ્ટિ રાખી અને આત્માને અબંધ કલ્પીને સ્વચ્છંદ સેવ્યો. તેને માટે બનારસીદાસજી કહે છે કે वरतैं सुछंद तेऊ बूडे है चहलमैं ધર્મી તો રાગને કરતો નથી, આવે છે તેને ભિન્ન રહીને જાણે છે. કોઈ રાગમાં ભળીને રાગને જાણી શકતો નથી.

દૃષ્ટિ ફેરવે તો એક સમયમાં મુક્ત થઈ શકે છે. છ માસ રાહ જોવી પડે તેમ નથી પણ દૃષ્ટિને સ્વભાવમાં નહિ રાખતાં જ્યાં પોતે નથી ત્યાં દૃષ્ટિ લગાવી રાખી છે. છતાને અછતો કર્યો છે અને અછતા એવા રાગાદિને પ્રસિદ્ધ કર્યા છે તેથી મુક્તસ્વભાવ અનુભવમાં આવતો નથી.

अथा जोग करम करै એમ શબ્દ છે ને તેનો અર્થ એમ છે કે ધર્મી શુદ્ધસ્વભાવમાં એકાગ્ર ન રહી શકે ત્યારે તેને (ભૂમિકાને યોગ્ય) શુભરાગ આવે છે પણ કર્તૃત્વબુદ્ધિ નથી. શુભભાવ આવે છે તે ઠીક છે એમ નથી. શુભપરિણમન પોતાનું હોવા છતાં તેને ભલું જાણતાં નથી. રાગનો વિકલ્પ આવે છે તે મારો છે એમ ધર્મી અનુભવમાં લેતા નથી.

સમ્યગ્દર્શન એ આત્માની ધર્મદશા છે અને તેનું ધ્યેય 'ધ્રુવ' છે એમ જ્યાં પકડ્યું ત્યાં તો તેનું પરિણમન એ જ જીવનું કર્તવ્ય છે. રાગ એ જીવનું કર્તવ્ય નથી. દયા, દાન, વ્રત, તપસ્યાનો વિકલ્પ ધર્મીને આવે પણ તે ઉપાદેય નથી. ધર્મી રાગને કરે એમ કહેવું તે વ્યવહાર છે અને ધર્મીને રાગ હોય એમ સ્થાપવું તે પણ એક વ્યવહાર છે. ધર્મીને રાગ આવે તેને ધર્મી જાણે છે પણ સ્વચ્છંદતા કરીને સેવતો નથી.

रहैं सावधान ग्यान ध्यानकी टहलमें—ધર્મી જીવ રાગના કાળે પણ સાવધાન છે. રાગ થયા પછી તેને ટાળવા જેવો જાણીને ટાળે—એમ નહિ. રાગના કાળે પણ ધર્મી સ્વરૂપની સાવધાનીમાં છે. આવો ધર્મ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ થાય છે. કોઈ નગ્નમુનિ થઈને પણ અધર્મને સેવે છે અને ધર્મી ગૃહસ્થાશ્રમમાં પણ ધર્મને સેવે છે.

સહજાત્મમૂર્તિ ચૈતન્યભગવાનની દૃષ્ટિ નથી, અનુભવ નથી, આશ્રય નથી અને એકલા ક્રિયાકાંડ કરીને ધર્મ માને. એ તો મિથ્યાત્વમાં પાગલ છે. દુનિયા ભલે તેને ડાહ્યો કહે-સાધુ માને પણ તે સંસારમાં જ ડૂબેલો છે. અને જેને રાગની એકતા તૂટીને સ્વભાવમાં એકતા થઈ છે તેને સ્વરૂપમાં સાવધાની છે. તેને રાગ આવે તોપણ એકત્વબુદ્ધિ થતી નથી.

रहैं सावधान ग्यान ध्यानकी टहलमें । એ ધર્મી જ્ઞાનની અને ધ્યાનની સેવામાં રહે છે, તેને રાગની સેવા નથી. રાગથી તો પૃથક્પણું છે. જ્ઞાન અને ધ્યાન બંનેમાં સાવધાની કહી છે એટલે કે જ્ઞાન અપેક્ષાએ સાવધાન છે અને ચારિત્ર અપેક્ષાએ પણ સ્વરૂપમાં લીનતારૂપ સાવધાની છે.

જીવ અધિકારમાં આગળ ૧૯મી ગાથામાં આવી ગયું છે કે જ્ઞાનને તો આત્મા સેવે જ છે, જ્ઞાન અને આત્મા કાંઈ જુદા નથી તો તમે જ્ઞાનને સેવો...જ્ઞાનને સેવો એમ કેમ કહો છો?—ભાઈ! જ્ઞાન અને આત્મા તદ્રૂપ હોવા છતાં જ્ઞાનની સન્મુખ થઈને તેમાં ઠરતો નથી તેણે જ્ઞાનની સેવા કદી કરી જ નથી. રાગમાં એકમેક થઈને પડ્યો છે તેને જ્ઞાન અને આત્મા એક છે એવી દૃષ્ટિ જ નથી. એ તો રાગ અને આત્માને એક માને છે. તેણે જ્ઞાનની સેવા કદી કરી નથી. અને પરની સેવા પણ કદી કરી નથી (પરની સેવા કરી શકતો જ નથી). અનાદિથી એણે તો માત્ર રાગાદિ વિકલ્પની સેવા કરી છે. એ સેવા છોડીને, ત્રિલોકનાથ તીર્થંકર જેને સ્વભાવ-સંપન્ન આત્મા કહે છે તેમાં એકાગ્રતા કરીને આત્માને જે સેવે તેણે આત્માની—જ્ઞાનની સેવા કરી કહેવાય છે. આવી સેવા તે નિર્જરા છે.

જ્ઞાનની સેવા વગર માત્ર જ્ઞાનની વાતો કરવાથી ધર્મ થતો નથી. આત્મા અબંધ છે, શુદ્ધ છે, રાગથી ભિન્ન છે એવા ભાન વિના પોતાને અબદ્ધ માને છે અને રાગને સેવે છે તે રાગના બંધમાં પડ્યો છે અને પોતાને અબંધ માને છે તે સ્વચ્છંદી ભવસમુદ્રમાં બૂડે છે. જ્ઞાનનું જ્ઞાન કરીને જ્ઞાનમાં એકાગ્ર થવાનું નામ ધ્યાન છે એવો જ્ઞાનને સેવનારો જીવ સંસારસાગરથી તરી જાય છે. तेई भवसागरके उपर ह्वै तरै जीव जिन्हिकौ निवास स्यादवादके महलमें । સ્યાદ્વાદ અનુસાર વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ જાણે છે કે વસ્તુદૃષ્ટિએ હું અબંધ છું અને પર્યાયમાં અશુદ્ધતા છે તથા બંધ પણ થાય છે એમ સ્યાદ્વાદથી બધું જાણે છે તે સંસારસાગરથી તરવા સમર્થ છે.

જેને પરમાનંદ પ્રાપ્ત કરવો છે તેણે દ્રવ્યની શુદ્ધતાની સાથે પર્યાયની અશુદ્ધિનું જ્ઞાન પણ કરવું પડશે. રાગનું પરિણમન મારામાં મારા કારણે થાય છે, પરદ્રવ્ય રાગ કરાવતું નથી.

શ્રોતાઃ—રાગને તો પુદ્ગલનો કહ્યો છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—વસ્તુની અનુભૂતિ કરતાં અનુભૂતિમાં રાગ સાથે આવતો નથી એ અપેક્ષાએ રાગને પુદ્ગલનો કહી દેવામાં આવે છે. શુદ્ધ જ્ઞાનઘનની સન્મુખ થઈને અનુભવ કરે છે ત્યાં રાગ, શરીર, કર્માદિ કાંઈ હોતું નથી. રાગ જીવનો સ્વભાવ નથી માટે પુદ્ગલનો છે. રાગ જીવમાંથી નીકળી જાય છે માટે જીવનો નથી. જીવ સ્વભાવને ભૂલીને પરનું લક્ષ કરે છે ત્યારે રાગ થાય છે માટે જેના લક્ષે થયો તેનો કહી દીધો છે પણ રાગ કાંઈ પરમાણુ નથી. રાગમાં કાંઈ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી.

૫૦ થી ૫૫ ગાથામાં ચૌદમું ગુણસ્થાન પણ પુદ્ગલનું છે, જીવ નથી એમ કહી દીધું...તે કઈ અપેક્ષાએ! અભેદ ચૈતન્યની અનુભૂતિ થતાં પરલક્ષી ભાવ કોઈ અંદર અનુભૂતિમાં આવતો નથી તેથી બધાં ભાવોને અજીવ કહી દીધાં છે. રાગ પોતાની અપેક્ષાએ વસ્તુ હોવા છતાં જીવની અપેક્ષાએ રાગ અવસ્તુ છે. જીવ એટલે ત્રિકાળી ચૈતન્યની અપેક્ષાએ રાગ કોઈ વસ્તુ જ નથી. પ્રમાણજ્ઞાન કરવું હોય તો રાગનું કર્તૃત્વ અને ભોકતૃત્વ છે એમ જાણવું જોઈએ. તેથી જ ૪૭ નયમાં રાગનું કરવાપણું અને ભોગવવાપણું લીધું છે. રાગ પોતાના અસ્તિત્વમાં છે, પર અસ્તિત્વને લઈને રાગ થતો નથી—એમ જ્ઞાનમાં જાણવું જોઈએ. જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે તે ત્રિકાળને જાણે અને પર્યાયને પણ જાણે. તેથી જ જ્ઞાનને સવિકલ્પ કહ્યું છે.

વિશેષ પ્રકારે—ભેદથી જાણવું તે જ્ઞાનનું સવિકલ્પપણું છે. અનુભૂતિની પર્યાય પ્રગટી તેમાં ત્રિકાળીના જ્ઞાન સાથે રાગનો અભાવ છે તેનું જ્ઞાન પણ આવી જાય છે.

રાગવાળી ભક્તિથી કે છકાયજીવોની રક્ષાથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય. ધર્મીને એવો શુભભાવ હોય છે પણ તેની મર્યાદા પુણ્ય બંધાય એટલી જ છે. ધર્મ તો અંતરમાં એકાગ્રતારૂપ ભક્તિથી થાય છે.

જ્ઞાનીનો નિવાસ સ્યાદ્‌વાદના મહેલમાં છે. ત્રિકાળ જ્ઞાયકભાવ તે ધ્રુવ છે, એ જ નિશ્ચયનયનો વિષય છે, તે જ આશ્રય કરવાલાયક છે અને પર્યાયમાં અશુદ્ધતા છે તેને જાણવી તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયના વિષયને મેચક કહેવાય છે અને નિશ્ચયના વિષયને અમેચક કહેવાય છે. આમ નિશ્ચય-વ્યવહારથી વસ્તુના સ્વરૂપને જેમ છે એમ સમજે છે તેને આત્મા અનુભવમાં આવે છે. આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જ વસે છે. અન્ય કોઈ જગ્યાએ આત્મા વસતો નથી. માટે આત્માને ઓળખવા માટે તેના દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ સમજવું.

હવે ૧૩ કળશ ઉપર ૧૬મા પદ્યમાં મૂઢક્રિયા તથા વિચક્ષણક્રિયાનું વર્ણન કરે છે.

'અજ્ઞાનીની મૂઢક્રિયા અને જ્ઞાનીની વિચક્ષણક્રિયાનું વર્ણન'

जैसैं मतवारौ कोऊ कहै और करै और
तैसैं मूढ़ प्रानी विपरीतता धरतु है ।
असुभ करम बंध कारन बखानै मानै.
मुकतिके हेतु सुभ-रीति आचरतु है ॥
अंतर सुदृष्टि भई मुढता विसर गई,
ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है ।
करनीसौं भिन्न रहै आतम सुरूप गहै,
अनुभौ अरंभि रस कौतुक करतु है ॥१६॥

અર્થ:—જેમ કોઈ પાગલ મનુષ્ય કહે છે કાંઈક અને કરે છે કાંઈક, તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિજીવમાં વિપરીતભાવ રહે છે, તે અશુભકર્મને બંધનું કારણ સમજે છે અને મુક્તિ માટે શુભ આચરણ કરે છે. પણ સાચું શ્રદ્ધાન થતાં અજ્ઞાન નષ્ટ થવાથી જ્ઞાનનો પ્રકાશ મિથ્યા-અંધકારને દૂર કરે છે અને ક્રિયાથી વિરક્ત થઈને આત્મસ્વરૂપનું ગ્રહણ કરીને; અનુભવ ધારણ કરી પરમ રસમાં આનંદ કરે છે.

મિથ્યાદૃષ્ટિ વિપરીત શ્રદ્ધા ધારે છે અને પોતાને જ્ઞાની માને છે તે પાગલ મનુષ્ય જેવો છે. તેની મિથ્યામાન્યતા શું છે?—કે અશુભક્રિયાને તો બંધનું કારણ જાણે છે પણ શુભક્રિયાને મુક્તિનું કારણ જાણીને સેવે છે તે તેની મૂઢતા છે, અજ્ઞાન છે. તેને વીતરાગમાર્ગની કાંઈ ખબર નથી.

૯૫ની સાલમાં જૂનાગઢ યાત્રા કરવા ગયા હતાં ત્યાં ચર્ચા થઈ હતી તો કીધું આ યાત્રા, ભક્તિ, પૂજા આદિ તો શુભરાગ છે તો એ લોકો કહે, અમે તો આ બધું મુક્તિ માટે કરીએ છીએ...વિચાર કરો કે 'મુક્તિ એટલે વીતરાગતા.' તો રાગથી વીતરાગતા કેમ મળે! પણ એને ભક્તિ-પૂજા આદિ રાગ છે એ ખબર જ નથી. ભગવાન સામે જોઈને સ્તુતિ કરવા બેસવું એ પણ રાગ છે. અજ્ઞાનીએ તો સ્ત્રી, પુત્રાદિ પાસે બેસી રહેવું કે દુકાનની ગાદીએ બેસવું તેને રાગ માન્યો છે. મંદિરમાં બેસવું તેને તે રાગ જ માનતો નથી. પોતાનો ભગવાન પોતાની પાસે છે તેની તો એને ખબર જ નથી. પોતાના ભગવાનના ભાનપૂર્વક મંદિરમાં બિરાજમાન ભગવાનની ભક્તિનો રાગ આવે છે તે માત્ર જાણવાલાયક છે. રાગને ધર્મી આદરણીય માનતો નથી. શાસ્ત્રવાંચન, શ્રવણ એ પણ શુભરાગ છે.

લોકોને એમ થાય કે, શાસ્ત્રવાંચન, શ્રવણ આદિને શુભરાગ કહેતાં જાય છે અને વળી વાંચન દેતા જાય છે. ભાઈ! શાસ્ત્રવાંચન, શ્રવણ, મનન આદિનો એવો ભાવ આવે તે જુદી વાત છે પણ તેને આદરણીય માનતાં નથી.

अंतर सुदृष्टि भई मूढ़ता बिसर गई, અંતરમુખ દૃષ્ટિ થતાં રાગ અને વિકલ્પ મારો છે એવી મૂઢતા વિસરાઈ જાય છે. ચૈતન્યનું સ્મરણ અને રાગનું વિસ્મરણ સાથે જ થાય છે. ग्यानकौ उदोत भ्रम-तिमिर हरतु है । જ્ઞાનનો પ્રકાશ થાય છે તે અજ્ઞાનરૂપી તિમિર એટલે ભ્રમણારૂપી અંધકારનો નાશ કરે છે. કોઈ ક્રિયાકાંડ મિથ્યાત્વ અને અજ્ઞાનની ભ્રમણાનો નાશ કરી શકતાં નથી. જ્ઞાનની ક્રિયા જ અજ્ઞાનને ટાળે છે. ક્રિયા અનેક પ્રકારની છે. (૧) સ્વભાવિકક્રિયા (૨) વિભાવિકક્રિયા (૩) જડની ક્રિયા...શરીરની ક્રિયા જે ચાલવા, બોલવા, સ્થિર થવાની ક્રિયા તે જડની ક્રિયા છે. આત્મામાં કામ, ક્રોધાદિ કે વ્રત, તપાદિના ભાવની ક્રિયા થાય તે વિભાવિક ક્રિયા છે અને તેનાથી ભિન્ન પડીને આત્મામાં એકાકાર થવું તે સ્વભાવિકક્રિયા છે.

ધર્મીજીવ જ તેને કહેવાય કે જેને 'કરણી'ના પરિણામ આવે છે પણ તેનાથી તે ભિન્ન રહે છે. હું છું ત્યાં જડ અને રાગની ક્રિયા નથી અને તે ક્રિયા છે તેમાં હું નથી. એમ તેનાથી ભિન્ન પડીને આત્માના શુદ્ધસ્વરૂપને ગ્રહે છે તે જ ધર્મી છે.

બનારસીદાસજી કવિ છે એટલે ભાષા કેવી ગોઠવી છે-आतम-रूप गहै, करनीसौं भिन्न रहै...अनुभौ अरंभि रस कौतुक करतु है। અનુભવ ધારણ કરી પરમ રસનો આનંદ લે છે. ધર્મીનું કર્તવ્ય—કાર્ય-ક્રિયા જ આ છે. ધર્મી કહો કે જ્ઞાની કહો એક જ છે. જ્ઞાન ઘણું હોય માટે તે ધર્મી એમ નથી. ક્રિયા ઘણી કરે છે માટે તે ધર્મી—એમ નથી. આનંદમૂર્તિ ચૈતન્યસ્વરૂપને પામ્યો છે તે ધર્મી છે. રાગમાં રક્તપણું છોડી અંતરમાં રક્ત થયા છે તે ધર્મી છે અને અજ્ઞાની રાગમાં રક્ત છે માટે તે અધર્મી છે.

ધર્મી રાગને-પુણ્યને કરે નહિ, ભોગવે નહિ અને વિરક્ત રહે છે, કેમ કે તે તો રાગથી ભિન્ન છે. તેથી રાગને કરતો, ભોગવતો નથી. ધર્મી તો આનંદરસને કરે છે અને ભોગવે છે. રાગને અનુભવતો નથી.

અધ્યાત્મદૃષ્ટિની શૈલીમાં થોડો રાગ કરે અને થોડું જ્ઞાન કરે એવું ન હોય. અધ્યાત્મદૃષ્ટિથી ધર્મી આનંદને જ કરે અને ભોગવે છે. રાગને કરતાં. ભોગવતાં નથી. પરિણમનમાં થોડો રાગ અને તેનું વેદન છે તેની વાત આગળના પ્રવચનમાં આવી ગઈ હતી. તે જાણવાલાયક છે. આઠેય કર્મ ખરી ન જાય ત્યાં સુધી જ્ઞાનીને બે ધારા હોય છે તેમાં એક રાગધારા છે તેનું માત્ર જ્ઞાન કરવું.

આ પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો. હવે તેનો સાર કહે છે.

'ચોથા અધિકારનો સાર'

જેનો બંધ વિશુદ્ધભાવોથી થાય છે તે પુણ્ય અને જેનો બંધ સંકલેશભાવોથી થાય છે તે પાપ છે.

વિશુદ્ધભાવ અનુકંપાવાળા અને કલુષતારહિત પ્રશસ્ત રાગરૂપ હોય છે. જીવો પ્રત્યે અનુકંપા તે શુભરાગ છે, ધર્મ નથી. એક તરફ અનુકંપાને સમકિતનું લક્ષણ કહ્યું છે. કારણ કે આત્માનો અકષાયભાવ તે જ અનુકંપા છે. બીજા જીવો પ્રત્યે કરુણાનો ભાવ આવે તે તો વિકલ્પ છે, તે શુભબંધનું કારણ છે. તેનાથી સંસાર પરીત થતો નથી. પરીત એટલે અલ્પ. સમકિતીને અલ્પ સંસાર હોય અને મિથ્યાદૃષ્ટિને અપરીત-અનંત સંસાર હોય છે.

અરિહંતાદિ પંચપરમેષ્ઠીની ભક્તિ તે વિશુદ્ધભાવ છે, તેનાથી પુણ્ય બંધાય છે. વ્રત પણ શુભરાગ છે તેનાથી ધર્મ થતો નથી. વ્રતથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. અત્યારે તો વ્રત, તપ જ મોટા ધર્મ થઈ પડ્યા છે. એ બધો ઊંધો મારગ છે.

સમ્મેદશિખર, શત્રુંજય આદિની યાત્રા તે પણ શુભરાગ છે. સંયમ અને શીલ પાળવું તે પણ શુભરાગ છે, પાંચ-પચાશ હજારના દાન દેવા તે પણ ધર્મ નથી, પુણ્ય છે.

મુ. રામજીભાઈ :—એમ કહેશો તો દાન કોઈ આપશે નહિ.

પૂજ્ય ગુરુદેવશ્રી:—દાન કોણ દઈ શકે છે! પૈસાના રજકણ જ્યાં જવાના હોય ત્યાં જાય છે તેને ફેરવવાનો જીવનો અધિકાર જ નથી. દાન આપવાની વૃત્તિ ઉઠે છે તે પુણ્યબંધનું કારણ છે.

## "દીકરીને કુવામાં ન નાખો"

કાલે સાગરધર્મામૃતમાં વાચવામાં આવ્યું હતું કે કન્યાને પોતાના સાધર્મીને દેવી તેમાં પુણ્યનો લાભ છે. અન્યધર્મમાં કન્યાને આપવી એ તો એને કૂવામાં નાંખવા બરાબર છે. અન્યધર્મમાં દીકરી આપે છે તે આપનારને ધર્મની કિંમત નથી. પોતાના ઘરે જે બાળક ૧૫-૨૦ વર્ષ રહ્યું તેને ધર્મના સંસ્કાર પડ્યા હોય તે પણ અન્યધર્મમાં જતાં પાયમાલ થઈ જશે. પહેલાં તો મંદિરે જવાની છૂટ છે એમ કહે પણ પછી એના એ વિરોધ કરવા લાગે. શાસ્ત્ર જ લાવો ને! આ વાત નીકળી છે તો વંચાવી બતાવીએ. આશાધરજીકૃત સાગારધર્મામૃતમાં પ૯મો શ્લોક છે—સાધર્મીને સતકન્યા દેવી તે પુણ્યલાભ છે. કારણ કે વિદ્વાનલોકો સ્ત્રીને જ ગૃહ કહે છે. ઘરની ચાર દિવાલો તે ઘર નથી. સાધર્મી સાધર્મીને કન્યા આપે તો ધર્મના સંસ્કાર ટકી રહે.

આ શુભરાગની વાત છે, કાંઈ ધર્મની વાત નથી પણ સાધર્મીમાં આવો શુભરાગ હોય છે. પૈસા, ફેક્ટરી, પરદેશ આદિ જુએ પણ ધર્મ ન જુએ તેને તો આબરૂની પડી છે. ધર્મને જોયા વગર દીકરી આપે છે તે દીકરીને પાપમાં નાંખીને પોતે પણ પાપ બાંધે છે. થોડા-ઘણાં સંસ્કાર પડ્યા હશે તે તો ટકશે નહિ અને ઉલટાં મિથ્યાત્વના પાકાં ઘડાં થઈ જશે. બે-પાંચ વર્ષે ધૂળ ધાણી ને વા પાણી થઈ જશે. અને સાધર્મીને કન્યા આપશે તો ધર્મ, અર્થ અને કામ બધું ટકી રહેશે.

[ ક્રમશઃ ]

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં
## ઃ સ્વાનુભૂતિપ્રેરક હૃદયોદ્‌ગાર ઃ

* ગુરુદેવે બધું બતાવ્યું છે. ગુરુદેવનો ઉપદેશ અનુપમ છે. ગુરુના ઉપદેશ વગર સ્વાનુભૂતિ પ્રગટ થતી નથી; તેવો ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે. માર્ગ અનાદિકાળથી અજાણ્યો છે. તેમાં જો ભગવાનની વાણી મળે અથવા ગુરુની સાક્ષાત્ વાણી મળે તો જ અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય તે કાંઈ છાની રહેતી હશે? તે પ્રગટ થતાં આખા જીવનનો પલટો થાય છે. અંધકાર અને પ્રકાશ જેમ પ્રતિપક્ષ છે, તેમ જુદું પડે (ભેદજ્ઞાન થાય) ત્યારે ખબર પડ્યા વગર રહે નહિ. સાકરનો સ્વાદ અને ઝેરનો સ્વાદ કાંઈ જુદો પડ્યા વગર રહેતો હશે? તેમ આખા જીવનનો પલટો થાય તે ખબર પડ્યા વગર રહેતો નથી.

અમૃતચંદ્રાચાર્યદેવ લખે છે કે મારા ગુરુથી જે શુદ્ધાત્માનો અનુગ્રહપૂર્વક ઉપદેશ મળ્યો છે તેનાથી મારો આત્મ-વૈભવ પ્રગટ થયો છે તથા તે વૈભવ નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ તેની છાપવાળો પ્રચુર સ્વસંવેદન સ્વરૂપ છે. તે કેવી રીતે પ્રગટ થયો? મારા ગુરુના શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વકના ઉપદેશથી પ્રગટ થયો છે. મારા ગુરુએ કૃપા કરી ઉપદેશ આપ્યો તેનાથી તે પ્રગટ થયો છે. કુંદકુંદાચાર્યની શી વાત કરીએ! તેઓ કહે છે કે મારો જ્ઞાનનો વૈભવ પ્રગટ થયો છે તેનાથી હું સમયસાર કહું છું. એવો વૈભવ પ્રગટ થાય તે છાનો રહેતો નથી. અંતરમાંથી આત્મા પ્રગટ થાય તે શું છાનો રહેતો હશે?

ગુરુદેવે તો વર્ષો સુધી અહીં વાણી વરસાવી છે, ઉપદેશના ધોધ વરસાવ્યા છે. સ્વાનુભૂતિ કોને કહેવાય વગેરે સમજાવ્યું છે. ગુરુદેવે શુદ્ધાત્મતત્ત્વનો અપૂર્વ ઉપદેશ વર્ષો સુધી આપ્યો છે. એ ઉપદેશથી

કેટલાય જીવોનાં પરિવર્તન થયાં છે અને આ જ કરવા જેવું છે એમ રુચિનાં પરિવર્તન તો ઘણાનાં થઈ ગયાં છે.

અનંતગુણથી ભરેલો આત્મા પોતે જુદા જુદા સ્વભાવોમાં રમતો, ઝૂલતો, તેમાં કેલી કરતો પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. ભેદજ્ઞાન પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. તે ભેદજ્ઞાન અપૂર્વ છે. અનુપમ છે, તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

* સાચા ગુરુ મળ્યા હોય અને સાચી પ્રતીતિ થઈ હોય તો તેની પ્રતીતિ દઢ જ રહે છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ જેને મળે અને અંતરથી સાચું ગ્રહણ થાય તો તેને વિશ્વાસ જ રહે છે કે આ રસ્તે જ આત્મસાક્ષાત્કાર થવાનો છે. બીજો કોઈ રસ્તો નથી. મારા પુરુષાર્થની મંદતા છે તેથી હું નથી કરી શકતો. પણ તેની રુચિ એમાં જ રહ્યાં કરે કે આ રસ્તે જ જવાનું છે, બીજો કોઈ રસ્તો નથી. બહાર તેની રુચિ મંદ પડી જાય અને અંદરમાં તેને હૂંફ આવી જાય કે આ જ રસ્તો છે. સાચા ગુરુ મળે અને અંતરથી વિશ્વાસ ન આવે એમ બને જ નહિ. માટે હજી સાચો વિશ્વાસ નથી આવતો તો ગુરુને ઓળખ્યા જ નથી. ગુરુને પરીક્ષા કરીને સ્વીકાર કરે તો તેને ભટકવું ન પડે, માર્ગ નક્કી જ થઈ જાય, કારણ કે આત્મામાં એટલું નક્કી કરવાની શક્તિ છે કે માર્ગ આ જ સાચો છે. ગુરુ કહે છે તે બરાબર છે એમ બુદ્ધિથી નક્કી કરી શકે છે.

અહીં ગુરુદેવ બિરાજતા હતા. તેમની વાણીમાં એવો ધોધ વરસતો હતો અને એવી અપૂર્વતા હતી કે બીજાને નક્કી જ થઈ જાય કે માર્ગ આ જ છે. બુદ્ધિથી વિચાર કરે તેને સાચો માર્ગ ન મળે અને નક્કી ન થાય એમ બને જ નહિ. સાચા ગુરુ મળે તેને પોતાને અંદરથી વિશ્વાસ ને હૂંફ આવી જાય, પછી તેને ભટકવાનું રહે જ નહિ. જેને હૂંફ આવી જાય તેને પછી ભલે પુરુષાર્થ મંદ થાય કે પુરુષાર્થ ન કરી શકે, પણ તેની રુચિ આખી બદલાઈ જાય કે આત્મા જુદો છે. ભલે મને માર્ગ નથી પકડાતો, પણ માર્ગ તો આ જ સાચો છે, ભેદજ્ઞાનના રસ્તે જ જવાનું છે, અંતરમાં જ માર્ગ છે—એમ

અંતરમાંથી તેને વિશ્વાસ આવી જાય છે. સાચા ગુરુ મળે અને પોતે નક્કી કરે તો ક્યાંય ભટકવાનું રહેતું જ નથી.

* યથાર્થ રુચિ થવી જોઈએ, તો ભેદજ્ઞાન થાય. અનંતકાળથી વિકલ્પમાં ને વિકલ્પમાં ચાલ્યો જાય છે. પણ જો તેની રુચિ યથાર્થ હોય તો ભેદજ્ઞાન થાય. આત્માનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ. અનાદિ-અનંત હું કોણ છું? મારો સ્વભાવ શું છે? તેમાં જે અનેક જાતની અવસ્થાઓ થાય છે તે શું છે? આ બધું પોતાને યથાર્થ સમજાવું જોઈએ. તેની રુચિ યથાર્થ થવી જોઈએ. અંતરમાંથી એવી લગની લાગે તો ભેદજ્ઞાન થાય, રાત ને દિવસ આત્મા વિના ચેન ન પડે, મારો આત્મા મને કેમ પ્રગટ થાય? મને સ્વાનુભૂતિ—આત્માનો સાક્ષાત્કાર કેમ થાય? એવી લગની અંતરથી લાગે તો ભેદજ્ઞાન થાય. તેની લગની લાગવી જોઈએ, પછી તો સ્વભાવમાંથી જ સ્વભાવ પ્રગટે છે. આ જે વિકલ્પ છે તે તો બધા વિભાવ છે. વિભાવમાંથી સ્વભાવ નથી આવતો, સ્વભાવમાંથી સ્વભાવ આવે છે. જેમ લોઢામાંથી લોઢું જ આવે, સોનામાંથી સોનું જ થાય, એમ સ્વભાવમાંથી સ્વભાવ પ્રગટે, વિભાવમાંથી વિભાવ જ પ્રગટે. માટે પોતાનો સ્વભાવ ગ્રહણ કરવો અને તે માટે રુચિ પ્રગટ કરવી જોઈએ. પહેલાં તેની રુચિ કરે, તેનું ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે કરે કે આ વિભાવ હું નથી, મારું ચેતન સ્વરૂપ જુદું છે—એમ વારંવાર અભ્યાસ કરે તો એમાં એકાગ્રતા થાય.

* બહારમાં કાંઈ સારભૂત નથી, સુખ દેખાતું નથી. આ બધું ગમે તેટલું કરીએ તોપણ સંતોષ આવતો નથી. તૃપ્તિ થતી નથી. અહીંથી સુખ મળશે. અહીંથી સુખ મળશે એમ જીવ ફાંફાં માર્યા કરે છે પણ સંતોષ નથી આવતો તે એમ બતાવે છે કે સુખસ્વરૂપ વસ્તુ કોઈ જુદી અંતરમાં છે. બહારમાં સંતોષ નથી આવતો અને જે સુખનું ધામ છે તે પ્રગટ થાય પછી બીજી ઇચ્છા જ નથી થતી. એવી કોઈ વસ્તુ અંતરમાં રહેલી છે. એ પ્રગટ થાય ક્યારે? કે જીવ પોતે પુરુષાર્થ કરે ત્યારે. પહેલાંથી કોઈને ઝાંખી થતી નથી, પણ જે મહાપુરુષોએ પ્રગટ કર્યું છે તે તને બતાવે છે કે તું આ કર, અમે તેનો અનુભવ

કરીને તને કહીએ છીએ. અને પછી તેનો વિશ્વાસ કરે તો તેની સ્વાનુભૂતિ થાય છે. સાક્ષાત્કાર થાય છે. આત્મા સુખનું ધામ છે તેનો વિશ્વાસ કર, જેમ મા–બાપ છોકરાને બતાવે તો છોકરો મા–બાપનો વિશ્વાસ કરે છે; તેમ જ્ઞાની બતાવે છે તો પોતાની બુદ્ધિથી થોડો વિચાર કરે, પછી જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાનીઓના વચન ઉપર વિશ્વાસ કરતો જાય. જેમ કોઈની દુકાને નાણાં મૂકવાં હોય તો માણસ આખી દુકાન ન જોવે પણ એના અમુક લક્ષણ ઉપરથી ઓળખે કે આની દુકાન સારી ચાલે છે. એમ લક્ષણથી ઓળખી લેવું જોઈએ.

મહાપુરુષો કાંઈ સ્વાનુભૂતિ બતાવી શકે નહિ, પણ તેના લક્ષણ બતાવે. લક્ષણથી પોતે વિચાર કરવો, કારણ કે પોતાને સુખ જોઈએ છે. માટે એટલી તૈયારી તો જોઈએ. બહારમાં ક્યાંય સુખ નથી, સંતોષ નથી, મારે કાંઈ બીજું જ જોઈએ છે. એટલી જિજ્ઞાસા તો હોવી જ જોઈએ. પછી જ્ઞાની જે બતાવે તેનો વિશ્વાસ કરીને તે માર્ગે પુરુષાર્થ કરવો જોઈએ. તો પ્રગટ થાય. આંખી નથી તો બુદ્ધિથી પોતે વિચાર કરે, પરીક્ષા કરે કે આ વસ્તુ સાચી છે પછી વિશ્વાસથી પોતે આગળ વધે.

* વિકલ્પથી છૂટો પડીને, એકત્વબુદ્ધિ તોડીને જ્ઞાયકની ધારા પ્રગટ કરવી. આ એક જ ઉપાય છે. દ્રવ્યને ગ્રહણ કર્યું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી, પણ તે દૃષ્ટિ ટકાવવી જોઈએ. માન્યતામાં લીધું, નક્કી કર્યું છે કે હું જુદો છું, પણ તે રૂપે કાર્ય થાય તો સાચું નક્કી કર્યું કહેવાય. જુદો છું એમ નક્કી કર્યું અને પાછી એકત્વબુદ્ધિ થઈ જાય તો તેણે સાચું નક્કી કર્યું નથી. જેને સાચું નક્કી થાય તેને જુદો પાડવાનો પ્રયત્ન અંદર આવ્યા વગર રહેતો નથી. ગડમથલ કરતાં સાચું તો આ જ છે, માર્ગ આ જ છે, એમ શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે. વિચારથી શ્રદ્ધા થાય તે જુદી છે, આ તો શ્રદ્ધારૂપ પરિણતિ કાર્ય કરે છે. પછી વિશેષ ચારિત્ર થાય છે. આ શ્રદ્ધાની સાથે અમુક જાતની લીનતા થાય છે અને અનંતાનુબંધી છૂટી જાય છે. આવી અમુક જાતની પરિણતિ ઊભી થાય છે.

[ તા. ૧૦-૩-૯૮ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છેઃ—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાત : જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી સમયસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી પરમાત્મ પ્રકાશ' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

[ તા. ૨૪-૪-૯૮ થી તા. ૧૪-૫-૯૮ ]

અધ્યાત્મ વિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૯મી જન્મજયંતી-મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૪-૪-૯૮ થી તા. ૧૪-૫-૯૮ સુધી ૨૧ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. લાભ લેનાર શિક્ષણાર્થીઓ માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુમુક્ષુમંડળના બાળકોને તેમ જ મહાનુભાવોને ધાર્મિક સંસ્કાર સમુપલબ્ધ બને તે હેતુએ પોતાના મંડળના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં મોકલવા બધા મુમુક્ષુમંડળને અનુરોધ છે. —પ્રબંધક

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

અધ્યાત્મ-યુગ-સર્જક, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પરમ તારણહાર,
પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગે
રાજાજીનગર-બેંગલોર શહેરમાં સાનંદ ઉજવાયેલો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

પરમ આદરણીય દિગંબર સંતોના પરમાગમોના ગૂઢ આધ્યાત્મિકભાવોને કોઈને કશીયે આશંકા ન રહી જાય તેવી તદ્દન સરળ ભાષા દ્વારા ૪૫-૪૫ વર્ષ સુધી સમજાવનાર અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ તેઓશ્રીના અનંત ઉપકાર-મહિમાનું સતત સ્મરણ કરાવનાર ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મપ્રભાવનાયોગે, બેંગલોર શહેરના રાજાજીનગરમાં, ત્યાંના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-અધ્યાત્મ શુદ્ધ આમ્નાયાનુયાયી શ્રી કુંદકુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તેમ જ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત 'શ્રી નેમિનાથ દિગમ્બર જિનમંદિર'નો પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ તા. ૨-૨-૯૮ થી ૯-૨-૯૮ સુધી આઠ દિવસ ૨૦૦૦ થી વધુ મુમુક્ષુઓની હાજરીમાં અત્યંત આનંદ પૂર્વક સારી રીતે ઉજવાયો હતો. ઉત્સવના સમયે બધાની હૃદયભૂમિમાં ઉછળતા આનંદ-ઉત્સાહથી એવો અનુભવ થયો કે જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેઓશ્રીના ભક્તરત્ન બહેનશ્રી ચંપાબહેન અંતરીક્ષમાં હાજર થઈ અનુભવપ્રધાન-તત્ત્વજ્ઞાનપૂર્વક શ્રી જિનેન્દ્રદેવની ભક્તિમાં પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ ભવ્ય પ્રતિષ્ઠોત્સવ દ્વારા વસ્તુતઃ બેંગલોર શહેરમાં કહાનગુરુ-પ્રકાશિત અધ્યાત્મધર્મની ખૂબ પ્રભાવના થઈ હતી.

સમ્યગ્દર્શન-પ્રાપ્તિની પ્રેરણા અર્થે આવા જિનબિંબ પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લેવા સોનગઢ, બૃહદ્ મુંબઈ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જામનગર, વાંકાનેર, વઢવાણ સુરેન્દ્રનગર, વીંછિયા, બોટાદ, ખંડવા, કલકત્તા, હૈદરાબાદ, મદ્રાસ, કોઈમ્બતૂર ઉપરાંત નાઈરોબીથી ૫૫, લંડનથી ૨૦ અને કેટલાક અમેરિકાથી મહેમાનો આવ્યા હતા.

પંચકલ્યાણક જિનબિંબ પ્રતિષ્ઠોત્સવની વિધિના ક્રમ અનુસાર તા. ૨-૨-૯૮ના રોજ શાંતિજાપપ્રારંભ, મંડપપ્રતિષ્ઠા, શોભાયાત્રા સાથે વિધિ-અધ્યક્ષ ૧૦૦૮ પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાંદીવિધાન (મંગલ કળશનું સ્થાપન), અખંડ દીપપ્રદીપન, ધર્મધ્વજ આરોહણ, પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા; તા. ૩-૨-૯૮ના રોજ (પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ) ગુરુઆજ્ઞા, ઇન્દ્રપ્રતિષ્ઠા, ઇન્દ્રોની શોભાયાત્રા; તા. ૪-૨-૯૮ના રોજ યાગમંડલ પૂજા, ઘટયાત્રા, વેદી-મંદિર-કળશ-ધ્વજ-શિખરશુદ્ધિ આદિ શાસ્ત્રોક્તવિધિ ક્રમશઃ શરૂ કરીને રાત્રે વિધિનાયક ભગવાન શ્રી આદિનાથના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા શરૂ થઈ

હતી. આ સમયે આયોજિત જે અચ્યુતેન્દ્રસભા ઇન્દ્રસભા તથા શ્રી નાભિરાજાની રાજસભામાં ઉપસ્થિત વિભિન્ન નરેશોની જિનેન્દ્રમહિમાપૂર્ણ અધ્યાત્મતત્ત્વચર્ચા, મહારાણીની તત્ત્વગોષ્ઠી તથા જિનેન્દ્રભક્તિમય આનંદજનક વાતાવરણ એ બધું અદ્ભુત હતા; તા. ૫-૨-૯૮ના રોજ શાસ્ત્રોક્તવિધિ અનુસાર ક્રમશઃ સ્વપ્નદર્શન. ગર્ભકલ્યાણક; તા. ૬-૨-૯૮ના રોજ જન્મકલ્યાણક, સુમેરુપર્વત પાંડુકશિલા પર જન્માભિષેક, જન્મકલ્યાણકપૂજા, ઇન્દ્રો દ્વારા સ્તુતિ તથા તાંડવ નૃત્ય, પારણાઝૂલન, રાજ્યાભિષેક; તા. ૭-૨-૯૮ના રોજ નીલાંજના-નૃત્ય અને નિધનથી વૈરાગ્યોત્પત્તિ, બારહભાવના-ચિંતન, લૌકાંતિક દેવો દ્વારા વૈરાગ્યની સરાહના, દીક્ષાકલ્યાણક શોભાયાત્રા, દીક્ષાગ્રહણવિધિ, ઇન્દ્રો દ્વારા દીક્ષાકલ્યાણક પૂજા, વૈરાગ્ય પ્રવચન, અંકન્યાસવિધિ, આદિનાથ પૂર્વભવદર્શન; તા. ૮-૨-૯૮ના રોજ નવધાભક્તિપૂર્વક આહારદાન, ક્ષપકશ્રેણ્યારોહણના મંત્રસંસ્કાર ઇત્યાદિ તથા કેવળજ્ઞાનકલ્યાણક, સમવસરણરચના અને કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, અન્ય દેશોમાં જિનવરવિહાર તથા દેશના; તા. ૯-૨-૯૮ના રોજ નિર્વાણકલ્યાણક સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિપાઠ, પ્રતિષ્ઠિત જિનબિંબોની શોભાયાત્રા પૂર્વક જિનમંદિરમાં લાવવાની શોભાયાત્રા, પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, જિનબિંબ સ્થાપનાની મંગલવિધિ, કલશધ્વજારોહણ, જિનવાણી પ્રતિષ્ઠા, સ્વાધ્યાયહોલમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ બિરાજમાન, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભવ્ય ચિત્રપટના અનાવરણ, શાંતિયજ્ઞ, પ્રતિષ્ઠા ઉત્સવની સમાપન-શોભાયાત્રા ઉપરાંત દ્રવ્યદૃષ્ટિપ્રધાન સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનો ઇત્યાદિ ભક્તિભાવભીના અદ્ભુત દૃશ્યો જોઈને મુમુક્ષુસમુદાયને અંતરમાં એવો અનુભવ થતો હતો કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ માટે જિનાગમોમાં બાહ્ય સાધનના રૂપમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણકદર્શન) કહ્યું છે એ વસ્તુતઃ સત્ય છે.

આ જિનબિંબ પંચકલ્યાણકની શાસ્ત્રોક્તવિધિ સોનગઢનિવાસી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા (જૈન) તથા વઢવાણનિવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહે કરાવી હતી. વાંકાનેરનિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠે વિધિવિધાનમાં પોતાનો સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની શુદ્ધ સંપૂર્ણ શાસ્ત્રોક્તવિધિ કુશળતાપૂર્વક તથા આહ્લાદકઢંગથી કરાવવામાં આ ત્રણ ભાઈઓએ સહૃદય પરિશ્રમ લીધો હતો.

શરૂઆતમાં પ્રત્યેક વિધિ પ્રતિષ્ઠાચાર્ય દ્વારા સંક્ષેપમાં સમજાવવામાં આવતાં પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધા વિધિવિધાન નિશ્ચિત સમયમાં પૂર્ણ થઈ જતા હતા. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારી સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને જિનભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓને અનુભવાતો હતો.

પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની મંગલ વિધિ દિગંબર જૈનાચાર્ય વસુબિન્દુ (શ્રી

જયસેનાચાર્ય ) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' તથા મનનીય પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી, ઇન્દૌર દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠા-પ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરાવવામાં આવી હતી.

આ મંગલ પ્રસંગે વિદ્વાન વાંચનકાર સર્વશ્રી બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા, બ્ર. વ્રજલાલભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ મોદી, હિમ્મતભાઈ ડગલી, સુભાષભાઈ શેઠ, રાજુભાઈ કામદાર, નિરંજનભાઈ શાહ ( સુરત )ના શાસ્ત્રપ્રવચનોનો પણ લાભ મળતો હતો. શ્રી રાજુભાઈ કામદારે ધાર્મિક શિક્ષણવર્ગ પણ ચલાવેલ હતો. એ સિવાય નાના નાના બાળકો દ્વારા ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા.

### * વિભિન્ન સભાઓનું તત્ત્વરસપૂર્ણ મનોહર આયોજન *

આ મંગળ પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં સૌભાગ્યપૂર્ણ લાભ લેવાવાળા ઇન્દ્ર-ઇન્દ્રાણી તથા રાજા-રાણી વગેરે દરેકે સભાઓની શોભા તથા વક્તવ્યની અભિવ્યક્તિ ખૂબ સુંદર કરી હતી જે જોઈને પ્રેક્ષકો ખૂબ પ્રમોદિત થતા હતા. ભગવાન શ્રી આદિનાથનો પૂર્વભવ, સર્વાર્થસિદ્ધિ અહમિન્દ્રની સભા, સૌધર્મ આદિ ઇન્દ્રોની સભા તથા શ્રી નાભિરાજા મહારાજાની રાજ્યસભાના મનોહર દ્રશ્યોની શોભાનું તો વર્ણન શું કરીએ! સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર શીઘ્ર નરપર્યાય પામીને ઉગ્ર સંયમસાધના માટે તડપતા હતા. સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તથા તીર્થંકર મહિમાનો મધુર વાર્તાલાપ પ્રેક્ષકોના મન હરી લેતી હતી. નાભિરાજા-રાજદરબારના સભાસદ વિભિન્ન પ્રદેશોના નરેન્દ્રોની જિનેન્દ્ર-મહિમાભીની તથા અધ્યાત્મતત્ત્વરસથી ભરપૂર ગોષ્ઠી, મહારાણી મરુદેવીની શ્રી હ્રી, ધૃતિ, કીર્તિ આદિ અષ્ટ કુમારિકા દેવી-સખીઓની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરમયી અધ્યાત્મવાર્તા તથા તેના દ્વારા નિર્મિત જિનેન્દ્રભક્તિમય આહ્લાદકારી મંગળ વાતાવરણ તે બધા અતિ અદ્ભુત હતા; તે બધા આનંદકારી દશ્યોને જોઈને વિશાળ મુમુક્ષુસમુદાય અતિ પ્રસન્ન થતો હતો. ઋષભકુમાર-જન્મજયંતીના દિવસે નાભિરાજા રાજદરબારમાં નીલાંજના-નૃત્ય અને દેહવિલય નિમિત્તથી ઉત્પન્ન વૈરાગ્ય અને તે સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક વૈરાગ્યપ્રેમી મુમુક્ષુ પ્રભાવિત થયા હતા. કેવળજ્ઞાન પ્રગટ થવાથી ઋષભજિનવરના વિહારના સમયે વિભિન્ન નગરોમાં "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!" એ રીતે દરેક આત્માને પરમાત્મતત્ત્વની ઘોષણારૂપ દિવ્યદેશનાનું આયોજન પણ પ્રેક્ષકોને રુચિકર અનુભૂત થયું હતું.

શ્રી નાભિરાય મહારાજા તેમ જ શ્રી મરુદેવી માતા બનવાનું સૌભાગ્ય બેંગલોર નિવાસી શ્રી મનહરલાલ પોપટલાલ શેઠ તેમ જ તદ્ધર્મપત્ની શ્રી મંજુલાબેનને પ્રાપ્ત થયું હતું. શ્રી શ્રેયસ પ્રફુલભાઈ રાજા (-નાઈરોબીના પ્રમુખના સુપુત્ર ) તથા શ્રીમતી કલ્પાબેન સૌધર્મઇન્દ્ર-ઇન્દ્રાણી બન્યા હતા. આહારદાનનો લાભ નાઈરોબીનિવાસી શ્રી વેલજી લાધા શાહના સુપુત્ર રમેશભાઈને મળ્યો હતો.

[ વિશેષ આગામી અંકમાં ]

સોનગઢનિવાસી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર હસ્તે
શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદી દ્વારા આયોજિત

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૦૯મો

# જન્મજયન્તી-મહોત્સવ

[ તા. ૨૫-૪-૯૮ થી તા. ૨૮-૪-૯૮ ]

અતિ હર્ષોલ્લાસ જણાવવાનું કે આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૦૯મો મંગલ 'જન્મજયંતી-મહોત્સવ' સોનગઢમાં ઉજવવાનું સૌભાગ્ય અમોને—સોનગઢ( મુંબઈ )નિવાસી શ્રી જેકુંવરબેન ઠાકરશીભાઈ મોદી-પરિવાર હસ્તે શ્રીમતી મંજુલાબેન શાંતિભાઈ મોદીને પ્રાપ્ત થયું છે.

તદનુસાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની આગામી ૧૦૯મી જન્મ-જયંતી (વૈશાખ સુદ બીજ) નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૫-૪-૯૮ શુક્રવારથી તા. ૨૮-૪-૯૮, મંગળવાર પાંચ દિવસ સુધી 'શ્રી રત્નત્રય-મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો-ઓડિયો ટેપપ્રવચન, દેવગુરુભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો-ધર્મચર્ચા, તા. ૨૪-૪-૯૮ થી તા. ૧૪-૫-૯૮—૨૧ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, તા. ૨૪, ૨૫, ૨૬—ત્રણ દિવસ માટે મુંબઈના યુવકમંડળ. દ્વારા આયોજિત ધાર્મિક શિક્ષણવર્ગ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિનો આ મહત્વપૂર્ણ લાભ લેવા માટે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું હાર્દિક નિમંત્રણ છે. આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ તા. ૨૨-૩-૯૮ના રોજ સોનગઢમાં રાખવામાં આવી છે.

નિમંત્રક—
શાંતિલાલ ઠાકરશીભાઈ મોદી

## વૈરાગ્ય સમાચાર:—

* રાજકોટનિવાસી શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી (વર્ષ–૮૮) તા. ૫–૨–૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લગભગ છેલ્લા ૪૫ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં આવ્યા હતા. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા લિખિત પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર–કર્તાકર્મ–અધિકાર ઉપરના મુદ્રિત પ્રવચનો વાંચીને તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પ્રભાવિત થવાથી ત્યારથી તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં આવવાનું શરૂ કરેલું હતું. તેઓ સમાજના પ્રસિદ્ધ પ્રવચનકાર હતા, તેમની પ્રવચનશૈલી રોચક હતી. તેમણે થોડા વર્ષો સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીપણે સેવા આપી હતી. તેમના ઉપર પૂજ્યશ્રીની ઘણી કૃપાદૃષ્ટિ હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર આદિ પરમાગમો ઉપરના પ્રવચનોને લિપિબદ્ધ કરી પ્રકાશિત કરવા માટે શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ–પ્રવચન ટ્રસ્ટની સ્થાપના તેઓની પ્રેરણાથી થયેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની દ્રવ્યદૃષ્ટિ-પ્રધાન અધ્યાત્મ–અમૃતવાણીનો વિશેષ–વિશેષ પ્રચાર–પ્રસાર કરવા વિદ્યાર્થીઓ–વિદ્વાનો તૈયાર કરવાના હેતુથી તેઓ શ્રી કુંદકુંદકહાનતીર્થ સુરક્ષા ટ્રસ્ટના ટ્રસ્ટીપણે અને પ્રમુખપણે રહ્યા હતા. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ પુસ્તકના તેઓ સંકલનકર્તા હતા. સોનગઢમાં શ્રી મહાવીર–કુંદકુંદ પરમાગમમંદિર પંચકલ્યાણક–પ્રતિષ્ઠામાં તેઓને વિધિનાયક ભગવાનના પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ લાભ લેવાના હેતુથી તેઓ કેટલોક વખત સોનગઢ સ્થાયી રહ્યા હતા અને ત્યારબાદ પણ તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. પૂજ્ય બહેનશ્રીની ઉજવાઈ રહેલી સમ્યક્ત્વ-જયંતી, આમંત્રણ-પત્રિકા દ્વારા મહોત્સવરૂપે ઉજવવાનું તેમનું સૂચન હતું. તેઓ તેમના સ્નેહી, સાધર્મી મુમુક્ષુઓને સોનગઢ મકાન બનાવીને સ્થાયી રહેવાની પ્રેરણા આપતા ગયા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ–અમૃતવાણી ટેઇપમાં સુરક્ષિત રહે અને વાણીનો ખૂબ પ્રચાર–પ્રસાર થાય તેવી તેમની ખૂબ ભાવના હતી—ગુરુવાણી પ્રતિ ખૂબ ભક્તિ હતી. છેલ્લે ટૂંકી બિમારીમાં તેઓ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા હતા.

* જેતપુરનિવાસી (હાલ–મુંબઈ) શ્રી પ્રાણલાલ છગનલાલ ગોડા (દેસાઈ) (વર્ષ–૮૯) તા. ૨–૩–૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ દાદર મુમુક્ષુમંડળના ટ્રસ્ટી અને પ્રમુખપણે ઘણી સેવા આપી હતી. અનેક જૈન સંસ્થાઓમાં પ્રમુખ કાર્યકર્તારૂપે તેઓએ ઘણા જ સામાજિક કાર્યો કર્યા હતા. તેઓ ઉદાર દાનવીર હતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત ભક્તિભાવ હતો.

* રાજનાંદગાવનિવાસી શ્રી નિર્મલકુમાર દલીચંદજી બરડિયા (વર્ષ–૪૭) તા. ૨૮–૧–૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનની ઊંડી રુચિ અને તત્ત્વાભ્યાસી હતા.

* સોનગઢનિવાસી શ્રી વિજયાબેન હરગોવિંદદાસ મોદી ( વર્ષ-૬૬ ) સોનગઢ મુકામે તા. ૨૫-૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. શ્રી હરગોવિંદભાઈ મોદીની આગ્રહભરી વિનંતીથી પૂજ્ય ગુરુદેવ સોનગઢ પધાર્યા અને વિ. સં ૧૯૯૧, મહાવીરજયંતીના શુભ દિને સંપ્રદાયના ત્યાગરૂપ ' પરિવર્તન ' કર્યું. ત્યારથી શ્રી વિજયાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમનો લાભ મળતો રહ્યો. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતી માતા પ્રત્યે૰ ખૂબ શ્રદ્ધા તેમ જ ભક્તિભાવ હતો. જિનમંદિર, સમવસરણમંદિર, માનસ્તંભ, પરમાગમમંદિર વગેરેની પ્રતિષ્ઠા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતા સાથે જૈન તીર્થોની યાત્રાનો ચિરસ્મરણીય મંગલ લાભ પણ તેમણે ઉલ્લસિત ભાવે લીધો હતો. તેમને સીમંધરભગવાનનું, ગુરુદેવનું અને સમકિત પ્રાપ્ત કરવાનું ખૂબ રટણ હતું. " મારે સીમંધરભગવાન પાસે જાવું છે, ગુરુદેવ પાસે જાવું છે અને આ જ ભવમાં સમકિત પ્રાપ્ત કરવું છે "—એવી ભાવના ખૂબ વર્તતી હતી.

* મોરબીનિવાસી શ્રી હીંમતલાલ હરખચંદ મહેતા ( વર્ષ-૭૫ ) તા. ૩૧-૧-૯૮ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ તત્ત્વની ઊંડી રુચિપૂર્વક છેલ્લા ૩૮ વર્ષથી સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાનો અપૂર્વ લાભ લીધો હતો. તેઓ ખૂબ જ સાધર્મીવાત્સલ્યભાવ ધરાવતાં હતા. સોનગઢનું ક્ષેત્ર તેમને મન વિદેહક્ષેત્ર સમાન હતું.

* અમદાવાદનિવાસી શ્રી બિપીનચંદ્ર નંદલાલ ધોળકીયાના ધર્મપત્ની મંજુલાબેન ( વર્ષ-૫૦ ) તા. ૨૩-૨-૯૮ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને ઘણો લાભ લેતા હતા. બેંગલોર પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો અને દક્ષિણની યાત્રાનો તેમણે હમણાં જ લાભ લીધો હતો.

* મુંબઈ નિવાસી શ્રી અનિલભાઈ હિંમતલાલ ડેલીવાળા તા. ૧૦-૧-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બે દિવસ પહેલાં તેઓ સોનગઢ આવ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે—એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું ? અરે ! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે, ૮૮.

* કરવા-ફરવાનું છે જ ક્યાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું ? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે. ૮૯.

* સંસારી જીવમાં સાંસારિક ગુણો એટલે કે વિકારી પર્યાય હોય છે ને સિદ્ધને સદા નિર્વિકારી પર્યાય હોય છે. વિકાર કે અવિકાર અવસ્થા પર્યાયમાં અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન વર્તતી પરિણતિમાં તે તે પર્યાયની અસ્તિ છે ખરી તોપણ તેઓ વસ્તુસ્વભાવમાં નથી, ત્રિકાળી ધ્રુવસામાન્ય એકરૂપ દ્રવ્યમાં તેમની અસ્તિ છે જ નહીં. ૯૦,

* એકલો પુરુષાર્થ કરું...પુરુષાર્થ કરું...કરું...કરું..કરું એવી એકાંત પુરુષાર્થની બુદ્ધિ રહે—એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરુષાર્થથી સમ્યગ્દર્શનને પામે. ૯૧.

* સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ૯૨.

# 卐 ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે 卐

ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે, અહીં (સુવર્ણપુરીમાં) તો ભગવાનની, જિનેન્દ્ર મંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે. —પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ (૬૫૩) ❋ આત્મધર્મ ❋ (અંક-૯ વર્ષ-૫૪) વીર સં. ૨૫૨૪ માર્ચ, ૧૯૯૮

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/- અલગ ]